# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## LPC 1:Gujarati Language

## ગુજરાતી ભાષા

Dr. Darshana M. Patel

# LPC-1 Gujarati Language
# ગુજરાતી ભાષા

# એકમ : ૨  સંક્ષેપીકરણ ,વિચાર -વિસ્તાર

- 2.1 સંક્ષેપીકરણ અને સારલેખનનો ભેદ
- 2.2 શબ્દસમૂહ માટે એક શબ્દ શોધી લખવા ,રૂઢીપ્રયોગ ,કહેવત મૂકી શકાય તેમ હોય તે શોધવું ,વાક્યોને કેવી રીતે ભેગા કરી સંક્ષેપ કરવો તેની સમજ
- 2.3 વિચાર એટલે શું   કાવ્ય પંક્તિ /વાક્યનો કેન્દ્રવર્તી વિચાર ગ્રહણ કરવો.
- 2.4 વિચારનો વિસ્તાર ,ઉદાહરણ , અવતરણનું મહત્વ .

# સંક્ષેપીકરણ અને સારલેખનનો ભેદ

- સંક્ષેપીકરણ:

  અર્થ :
- સંક્ષેપ એટલે સંક્ષિપ્ત
- લેખનમાં સંક્ષેપીકરણ એટલે લખાણને ટૂંકાવવું તે .
- ભાષાનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો .
- સારલેખન :

  અર્થ :
- સાર એટલે - તત્વ ,નિચોડ,નિષ્કર્ષ
- કોઈ વાતનું મુખ્ય બિંદુ .
- સારલેખન સંક્ષેપથી પણ નાનું હોય છે .
- દહીંમાંથી માખણ (નવનીત ) બનાવવાની પ્રક્રિયા .
- ચિંતનની પ્રક્રિયાથી મનોમંથન કરીને કોઈપણ સામગ્રીમાંથી સાર પ્રાપ્ત કરવામાં આવે છે .

# સંક્ષેપીકરણ અને સારલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

- સૌપ્રથમ ગદ્યખંડનું વાચન કરવું .
- ગદ્યખંડનો મુખ્ય હેતુ સમજવો .
- ગદ્યખંડનાં આલંકારિક વાક્યો દૂર કરવાં .
- વાક્યોની પુનરુક્તિ થતી હોય તો તેને દૂર કરવાં .
- જરૂરી અને બિનજરૂરી બાબતો અલગ તારવવી .
- અલગ -અલગ વાક્યખંડોને **સંયોજક** વડે કે **સામાસિક શબ્દો** વડે ટૂંકાવવા.
- કોઈ વિચારને સમજાવવા ઉદાહરણો કે દષ્ટાંતો આપ્યા હોય તો તેને દૂર કરવાં
- લંબાણવાળા પદસમૂહો ટૂંકાવવા .

લખાણ <u>લંબાણપૂર્વક ન બને</u> તે ખાસ ધ્યાન રાખવું .

- મૂળ મુદ્દાઓનું <u>તાત્પર્ય</u> સમજવું .
- <u>મુખ્ય મુદ્દા કપાય નહિ</u> તેની પણ કાળજી રાખવી .
- ઓછા શબ્દોમાં લખવાની આદત કેળવવી .
- પૂર્વજ્ઞાન અને ભાષાજ્ઞાનના માધ્યમથી પોતાના વિચારોને સરળ અને સંક્ષેપ માં લખો .

અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરી મૂળ ફકરાનું ત્રીજા ભાગ જેટલું ટૂંકાવીને પોતાની ભાષામાં લખાણ  રજૂ કરવું .

# સંક્ષેપીકરણ અને સારલેખનનાં સોપાનો :

- 1 .ગદ્યખંડ (પરિચ્છેદ) નું વાચન
- 2 .મુદ્દાની તારવણી
- 3 . મુદ્દાની ગોઠવણી
- 4 .મુદ્દાની પુન :ગોઠવણી
- 5 .સંક્ષેપ લેખન

# ગદ્યખંડનું શીર્ષક :

- ગદ્યખંડનું શીર્ષક આકર્ષક હોવું જોઈએ .
- આપેલ માહિતી પર આધારિત હોવું જોઈએ .
- એક ગદ્યખંડના એકથી વધુ શીર્ષક પણ હોય શકે .
- શીર્ષક એક શબ્દ અથવા શબ્દ સમૂહમાં પણ હોઈ શકે .
- શીર્ષક અપૂર્ણ અને અસ્પષ્ટ કદી ન હોવું જોઈએ .

# કેટલાક શબ્દોની સમજ :

## સંયોજક ( ઉભયાન્વયીઓ ):

- અથવા
- તરીકે
- તે
- તેથી
- પણ
- તો પણ
- એટલે
- કેમકે
- કાં
- કે
- છતાં પણ
- તેમ છતાં
- કરણ કે
- માટે
- તો
- અથવા તો
- નહિતર

# વિરામચિહ્નો :

વિરામચિહ્નો ભાષાની એક વિશિષ્ટ ગોઠવણ છે .

વિરામચિહ્નો લખાણમાં લાઘવ ,સુંદરતા ,સલૂકાઈ વગેરે પણ બક્ષે છે .

વ્યક્તિ ,સંસ્થા ,પદવી ,ઈલ્કાબ ,સમય વગેરેનું સંક્ષિપ્ત રૂપ મૂકતી વખતે પૂર્ણવિરામ મૂકવું જોઈએ.

દા.ત.

- વ્યક્તિ - મો .ક . ગાંધી ( મોહનદાસ કરમચંદ ગાંધી )
- સંસ્થા - યુ .જી .સી . (યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન )
- પદવી - એમ .એસ . (માસ્ટર ઓફ સર્જરી )
- સમય - એ .એમ .( એન્ટીમેરીડીયમ )

# શબ્દ સમૂહ માટે એક શબ્દ :

- કેટલાક શબ્દ સમૂહો ભેગા થઈને કોઈ એક અર્થ બતાવતા હોય ત્યારે તે એક શબ્દનો ઉપયોગ કરવો .

  દા.ત .

- કરેલા ઉપકારને જાણનાર -કૃતજ્ઞ
- જેને  કોઈ ઉપમા ન આપી શકાય તેવું - અનુપમ
- ઘણા કાળથી ચાલતો આવેલો રિવાજ - પરંપરા
- દેશ ખાતર પોતાના પ્રાણ આપનાર - શહીદ

# કહેવત :

- ‘પરંપરાથી લોકોમાં કહેવાતું આવેલું બોધરૂપ ,દષ્ટાંતરૂપ વાક્ય .
- વિદ્વાનો , ડાહયા માણસો ,અનુભવી માણસો જે વચન કહી ગયા છે તે કહેવત
- કહેવત એટલે ‘કહેલી વાત’ ,’કથન’ કે ‘લોકોક્તિ .’
- ઓછામાં ઓછા શબ્દોમાં વધુ કહેવાની કળા .

  એટલે કે,
- ગાગરમાં સાગર ભરવાની વાત એટલે કહેવત .

- વાક્યો

  દા .ત .

- 1 . બીજાની આશા રાખીએ તો નિષ્ફળતા જ મળે .
- 2 .બીજા પર આધાર ન રાખવો જોઈએ . કેટલીકવાર આપણને નિષ્ફળતા મળતી હોય છે .
- 3 .બીજાની આશાએ જીવવું નહી, બીજાની આશા ઠગારી નીવડતી હોય છે .

કહેવત

- પારકી આશ , સદા નિરાશ

- ઘર કાનોમાત્ર વિનાનો બે અક્ષરી શબ્દ ,પણ આ કેવળ શબ્દ નથી .આખું જીવન એની સાથે સંકળાયેલું છે .પક્ષીને પણ પોતાનો માળો હોય છે .વાઘ, સિંહ જેવા પશુને પણ પોતાની ગુફા હોય છે .ઘરેથી નીકળીને પછી માણસ ઘરે પહોંચતો નથી ત્યાં સુધી એને જંપ અને ચેન વળતાં નથી .ઘર આગળ ફાઈવસ્ટાર હોટલ ફિક્કી લાગે છે .ઘર એટલે માત્ર સલામતીનું છાપરું નહીં, પણ ઘર એટલે હૂંફ ,ગમે તેટલો ગરીબ માણસ હોય ,પણ ઘરમાં એ રાજા છે. પુરુષ માટે જે ઘર છે,તે સ્ત્રી માટે કિલ્લો છે .ઘરની મજા એ છે કે તમે તમારી રીતે વર્તી શકો છો .તમે જે છો ને જેવા છો એવા પ્રગટ થઇ શકો છો .જેમની ચેતનાનો વિસ્તાર થયો છે ,એમની ઘરની કલ્પના ઘણી વ્યાપક હોય છે.

# ‘ઘર એટલે હૂંફ’

- ઘર સાથે આખું જીવન સંકળાયેલું છે .ઘર એટલે સલામતીનું છાપરું નહીં, પણ ઘર એટલે હૂંફ.ઘરની મજા એ છે કે તમે તમારી રીતે વર્તી શકો છો અને તમે જે છો અને જેવા છો એવા પ્રગટ થઇ શકો છો .

- કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે ,એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી ,તે જાની શકાય છે .માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે .પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર હોય છે,પરંતુ એના જેવાં જ બીજાં કુદરતમા ઊડતાં ,ગાતાં પક્ષીઓ જેવું એ સુખ નથી હોતું .જે વ્યક્તિ ઉગતા કે આથમતા સૂર્યનું સૌંદર્ય ,ચાંદની રાતની શીતળતા ,સૂમસામ રાતનું સંગીત , ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા ,વહેતાં ઝરણાનો કલરવ ,હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ ,તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે .સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન , કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઇને આનંદથી વિભોર થઇ જાય છે -થઇ જવી જોઈએ .

# ‘કુદરતને માણે તે સુખી ‘

- અન્ય પ્રાણીઓની જેમ માણસનું ખરું સ્થાન કુદરતમાં રહેલું છે .જે માણસ  કુદરતી તત્વોનું સૌંદર્ય ,શીતળતા ,સંગીત અને ભીની માટીની સોડમને માણી શકતો નથી તે સુખી થવાની ક્ષમતા ગુમાવી બેસે છે .કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને માણી શકનાર વ્યક્તિ જ સાચા અર્થમાં સુખી ગણાય .ભલે  પછી તે ધનિક હોય કે નિર્ધન .

# Thank You